**પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મંત્રીને આજે શ્રીલંકાના રાષ્ટ્રપતિએ ફોન કર્યો (24 માર્ચ, 2026)**

24 માર્ચ, 2026

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીને આજે શ્રીલંકાના રાષ્ટ્રપતિ, મહામહિમ અનુરા કુમારા દિસાનાયકા તરફથી ફોન કૉલ આવ્યો હતો.

2. બંને નેતાઓએ પશ્ચિમ એશિયાની બદલતી પરિસ્થિતિઓ અંગે ચર્ચા કરી, જેમાં વૈશ્વિક ઉર્જા સુરક્ષા પર અસર કરતી અડચણો પર ખાસ ધ્યાન આપ્યું.

3. બંને નેતાઓએ સમગ્ર વિશ્વના હિતમાં સમુદ્રી માર્ગો ખુલ્લા અને સુરક્ષિત રાખવાના મહત્વનો પુનરોચ્ચાર કર્યો.

4. બંને નેતાઓએ ભારત-શ્રીલંકા ઉર્જા સહકારને મજબૂત બનાવવા અને પ્રાદેશિક સુરક્ષા વધારવાના હેતુથી વિવિધ પહેલ પર પ્રગતિની સમીક્ષા કરી.

5. પ્રધાનમંત્રીએ ભારતની 'પડોશી પ્રથમ' નીતિ અને મહાસાગર વિઝનને અનુરૂપ સહિયારા પડકારોનો સામનો કરવા માટે ભારતની દૃઢ પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો.

6. બંને નેતાઓ સંપર્કમાં રહેવા માટે સંમત થયા.

નવી દિલ્લી

24 માર્ચ, 2026